ફોજદારી કેસ નં. ૭૫૩૯૩–૨૦૨૫
આંક–

આરોપીનું નામ : **મનીષભાઇ કિશોરભાઇ મોરે**
પોલીસ સ્ટેશન : **ગોરવા પોલીસ સ્ટેશન**
એફ.આઈ.આર.નં.: ૧૧૧૯૬૦૦૭૨૫૦૧૨૭/૨૦૨૫

**ગુન્હો :– બી.એન.એસ.એકટ કલમ–૨૮૫ મુજબ...**

**–:: ચુ કા દો ::–**

(૧) આ કામના આરોપી વિરુધ્ધ પોલીસ ધ્વારા ઉપરોક્ત મુજબનો ગુનો નોંધેલ છે અને ત્યારબાદ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આરોપીઓ હાજર થતા, આરોપી ને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પૂરી પાડવામાં આવેલ. ત્યારબાદ આરોપી પોતાની સામેનો ગુનો કબુલ કરવા માંગતા હોઈ, ગુના કબૂલાત પુરશીશ રજુ કરેલ છે, જે ધ્યાને લેતા આરોપી સ્વેચ્છાપૂર્વક ગુનો કબુલ કરવા માંગતા હોઈ, કબુલાત સ્વીકારી, આરોપી ને તેમની સામેના ગુનાની હકીકત વાંચી–સંભળાવી, સમજાવતા, આરોપી કોઈપણ જાતની ધાક ધમકી કે દબાણ વગર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોય તેમ જણાવે છે. જેથી આરોપી ની ગુના સંબધે પ્લી રેકર્ડ કરતા તેમાં પણ આરોપી એ ગુનો કબુલ હોવાનું સ્વીકારી અને તેમનો પ્રથમ ગુનો હોઈ અને પોતે બાળ–બચ્ચા વાળા હોઈ અને કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શીરે હોવાનું જણાવી હળવી સજા કરવા વિનંતી કરેલ છે.

(૩) આરોપી ની ગુનાની કબુલાત જોતા તે સ્વૈચ્છીક હોવાનું જણાય છે. જેથી આરોપી ની ગુના કબુલાત સ્વીકારી આરોપી ની ગુના અંગેની વિગતો તથા તેઓએ ગુનો કબુલ કરેલ છે તે હકીકત તેમજ ***નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧), જી.એલ.આર.,પાનુ–૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હિરાચંદજી ઠાકોર તેમજ ૨૦૧૩(૨) જી.એલ.આર. ૯૭૪ રમેશચંદ્ર ભીખાલાલ વિ.સ્ટેટ ઓફ ગુજરાત***ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો અનુસાર આરોપીને હળવી સજા કરવાનું વ્યાજબી જણાતુ હોઈ, હું નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**–:: હુકમ ::–**

- આ કામના આરોપી ને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ અન્વયે, **બી.એન.એસ.કલમ કલમ–૨૮૫** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી **રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા)** નો દંડ કરવામાં આવે છે અને દંડ ના ભરે તો, દિન–૪ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
  હુકમ આજરોજ સ્પેશિયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૨/૦૭/૨૦૨૫ ***(એસ.એમ.મિશ્રા)***

વડોદરા. ૨૦ માં એડી.ચીફ જયુ.મેજીસ્ટ્રેટ

વડોદરા.

**યુનિક કોડ નં.જીજે ૦૧૨૪૮**